ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૦૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૫૧ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ઠંડીની આક્રમકતા ઘટી : પારો ૮.૨ ડિ.સે.

ગાંધીનગર, તા.૩૧

છેલ્લા ઘણા દિવસોથી તીવ્ર ઠંડીનો સામનો કરી રહેલા નગરજનોને ઠંડીમાં સહેજ રાહત મળી છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન બંને વધતાં નગરજનોએ હાશકારો અનુભવ્યો છે.

ગાંધીનગર શહેરમાં આ વખતે ઠંડીએ જનજીવનને જાણે અસ્તવ્યસ્ત બનાવી દીધું છે. છેલ્લા પંદરેક દિવસથી લઘુત્તમ તાપમાન એક ડિજિટમાં નોંધાતા વસાહતીઓ ઠંડીમાં થર થર ધ્રુજી રહ્યા છે. ગરમવસ્ત્રોમાં દિવસ-રાત લપેટાઈને ફરવું પડે છે. વડીલો અને બાળકોની હાલત વધુ કફોડી બની છે. સુસવાટા મારતા પવનો ફુંકાતા ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. વહેલી સવારે અને મોડી સાંજે એટલી બધી ઠંડી અનુભવાય છે કે ઘરના બારી બારણાં પણ ખોલી શકાતા નથી. દિવસ જરાક ચઢે તો ઠંડીથી રાહત મેળવવા વસાહતીઓ તડકો શોધવા લાગે છે. તડકામાં બેસવાથી થોડીક રાહત અનુભવાય છે. સાંજ ઢળતાં જ ઠંડીનો સપાટો જનજીવન પર ઘેરી અસર પહોંચાડે છે. ઠંડીના કારણે આખું નગર જાણે સુમસામ બની જાય છે. છેલ્લા ઘણા દિવસથી આ જ સ્થિતિ છે. જાન્યુઆરી માસ પુરો થયો છે તેમ છતાં ઠંડીની આક્રમકતા ચાલુ રહી છે. ગઈકાલે રાત્રે પણ ઠંડા પવનોએ વસાહતીઓને હેરાન કર્યા હતા પરંતુ લઘુત્તમ તાપમાન સહેજ વધ્યું હતું. લઘુત્તમ તાપમાનમાં એક દિવસમાં બે ડિગ્રી જેટલો વધારો થયો હતો. જયારે મહત્તમ તાપમાન પણ થોડુંક વધ્યું હતું. લઘુત્તમ તાપમાન ૮.૨ ડિ.સે. અને મહત્તમ તાપમાન ૩૦.૦ ડિ.સે. નોંધાયું હતું. મહત્તમ તાપમાન છેલ્લા ત્રણ દિવસથી ક્રમશઃ દિવસે ઠંડીથી થોડીક રાહત મળી છે.

મહત્તમ તાપમાન ૩૦ ડિ.સે. પર પહોંચતા ઠંડીમાં રાહત મળી

તીવ્ર ઠંડીના કારણે વડીલોના મૃત્યુનુ પ્રમાણ વધ્યુ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં સતત છેલ્લા ઘણા દિવસોથી તીવ્ર ઠંડી પડી રહી છે. તીવ્ર ઠંડી વડીલો માટે આકરી સાબિત થઈ રહી છે. છેલ્લા દસેક દિવસમાં ઠંડીનું પ્રમાણ ખુબ વધુ રહેતા વડીલોના મૃત્યુનુ પ્રમાણ પણ વધી રહ્યુ છે. વડીલો આકરી ઠંડી સહન કરી શકતા નથી.

આ વર્ષે શહેરમાં રેકોર્ડબ્રેક ઠંડી પડી રહી છે. લઘુત્તમ તાપમાન છેલ્લા ઘણા દિવસોથી એક આંકડામાં નોંધાઈ રહ્યો છે. આકરી ઠંડીમાં સૌથી કફોડી હાલત વડીલોની થઈ રહી છે. વયોવૃદ્ધ હોય તેવા નગરજનો ઠંડી સહન કરી શકતા નથી. ઠંડીને દુર કરવા ઘણા બધા ઉપાયો અજમાવવા છતાં વડીલોના મૃત્યુનુ પ્રમાણ આ દિવસો દરમ્યાન વધ્યુ છે. છેલ્લા એક અઠવાડિયા દરમ્યાન થયેલા મૃત્યુના આંકડાઓનુ વિશ્લેષણ કરીએ તો જાણવા મળશે કે આ દિવસો દરમ્યાન મુક્તિધામમાં થનારા અગ્નિસંસ્કારોની સંખ્યા વધી છે. વળી જે મૃતકો છે તેમની ઉંમર ૮૦ કે તેથી વધુ વયની છે. ઠંડીએ વડીલોના સ્વાસ્થ્ય પર વિપરિત અસર પહોંચાડી છે.

જન્મદિને વધામણી

ચંદ્રકાન્તભાઈ વી. સુખડીયા
વૃંદાવન સ્વીટસ
મો. ૯૮૨૫૭ ૩૮૬૮૬

સુખલાલ બાબુરાવ ભોપે
મો. ૯૯૦૯૫ ૬૫૨૬૦

કિશન પ્રદીપકુમાર ભોપે
મો. ૯૮૨૪૪ ૨૮૨૭૪



ત્રિવેદી શ્વેત પિયુષકુમાર
મો. ૮૪૦૧૪ ૪૦૩૭૫

પોર ગામે જુગાર રમતા ચાર શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૩૧

પોર ગામમાં આવેલા ખુલ્લા ચોકમાં જુગાર રમી રહેલા ચાર જુગારીઓને અડાલજ પોલીસે દબોચી પાડ્યા છે. દાવ પરથી અને જુગારીઓની અંગજડતી દરમિયાન પોલીસને રોકડા રૂ.૧૨,૩૭૦ નો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત અડાલજ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન અન્નપૂર્ણા સર્કલ પાસે આવતા ખાનગી રાહે બાતમી મળી હતી કે પોર ગામમાં ખુલ્લા ચોકમાં કેટલાક જુગારીઓ કુંડાળુ વળીને જુગાર રમી રહ્યા છે. પોલીસે સ્થળ પર જઈ જુગાર રમી રહેલા જુગારીઓને પકડી પાડ્યા હતા. જેમાં પોર ગામે મોટા વાસ ખાતે રહેતા વિજયજી પુંજાજી ઠાકોર, ૧૭૭ દંતાણીવાસ ધોળાકુવા ખાતે રહેતા મોહદ સદામઅબ્દુલ હુસેન, પોર ગામે હુડકો હર્ષિદમાતાના મંદિર પાસે રહેતા જાલમ પુંજાજી ઠાકોર, તેમજ લીલાજીનો વાસ ટીંટોડા ખાતે રહેતા હરેશ રાજાજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસને અંગજડતી દરમિયાન રોકડા રૂ.૯૧૬૦ તેમજ દાવ પરથી રોકડા રૂ.૩૨૧૦ મળી કુલ રૂ.૧૨,૩૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ-અંબાપુર માર્ગ પર ટ્રકમાંથી ૨૩૦ લીટર ડિઝલની ચોરી

ગાંધીનગર, તા.૩૧

અડાલજ-અંબાપુર માર્ગ પર મહાકાળી હોટલ પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી ટ્રકમાંથી ગતરોજ રાત્રીના સમયે ડીઝલ ટેન્કનું ઢાંકણુ ખોલી તેમાંથી રૂ.૨૦હજારથી વધુની કિંમતનું અંદાજીત ૨૩૦ લીટર ડીઝલ ચોરી થવા પામ્યું છે. અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભુજના કુકમા ગામના સાજનભાઈ આસાભાઈ મારવાડા પરિવાર સાથે રહે છે અને હાલ શામજીભાઈ ધનજીભાઈ આહીરની ટાટા કંપનીની ટ્રક નં.જી.જે.૧૨.બી.ટી.૭૨૪૫ ડ્રાઈવીંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ભુજ થી ટ્રક લઈ અડાલજ ખાતે એન.કે.ઈંટના ભઠ્ઠા પર ઈંટો ભરવા આવ્યા હતા. જયારે ટ્રકમાં ભચાઉ પાસે ૨૫૫ લીટર ડીઝલ પુરાવ્યું હતું. ગતરોજ તા.૩૦ જાન્યુઆરીના રોજ રાત્રીના ૯ વાગ્યાની આસપાસ પહોંચી ગયા હતા.જયારે ટ્રક લોડ કરવાની હોવાથી રાત્રી રોકાણ સારુ તેમજ ડ્રાઈવરને જમવાનું હોય હુ મારી ટ્રક લઈ અડાલજ અંબાપુર માર્ગ પર આવેલ મહાકાળી હોટલ ઉપર ગયા હતા. ત્યાં હોટલ ખાતે જમીને નજીકમાં ખુલ્લી જગ્યામાં રાત્રીના ૧૦ વાગે ટ્રક પાર્ક કરી તેઓ ટ્રકમાં જ સુઈ ગયા હતા. જયારે સવારે ઉઠીને જોયુ તો ટ્રકની ડીઝલ ટેન્ક પાસે જમીન પર ડીઝલ ઢોળાયેલુ હતું. જેથી ડ્રાઈવરે ડીઝલ ટેન્ક ચેક કરતા ઢાંકણુ ખુલ્લુ હતું. જયારે અંદર નજર કરતા ડીઝલ ન હોવાથી અંદાજીત ૨૩૦ લીટર ડીઝલ ચોરી થવા પામી હતી. હોટલ પાસે પાર્ક કરેલી ટ્રકમાંથી ડીઝલ ની ચોરી થતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ તેજ કરી છે.

ગાંધીજી નિર્વાણ દિને ઝંકાર ગ્રુપનું ધાબળાં વિતરણ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીજી નિર્વાણ દિન નિમિત્તે શહેરના 'ઝંકાર ગ્રુપ સેવા ટ્રસ્ટ' તરથી ગરમ ધાબળાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ બાબતે સંસ્થાના

પ્રમુખ કૂંપલ દવેએ જણાવ્યું છે કે શ્રમજીવી નાગરિકોને ઠંડી સામે રક્ષણ મળે એ નાના બાળકો અને વૃદ્ધો માટે ખૂબ જરૂરી હોય છે. ઝંકાર ટ્રસ્ટ તરફથી અવારનવાર જરૂરિયાતમંદોને સહાય, આરોગ્ય સહાય અને શિક્ષણને લગતા આવા કાર્યક્રમ કરવામાં આવે છે. શ્રમજીવી પરિવારો માટે જીવનજરૂરી ચીજવસ્તુઓનો અભાવ જોવા મળતો હોય છે જેના માટે ઝંકાર ટ્રસ્ટ આવા જરૂયિાતમંદોને સહાય કરે છે.

ગાંધીનગર હોમિયોપેથીક કોલેજનો લીબોદરા ગામે સાર્વજનિક રોગ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૩૧

શહેરના પર્લ એજ્યુકેશનટ્રસ્ટ દ્વારા સંચાલિત મુબારકપુર ખાતેસ્થિત ગાંધીનગર હોમિયોપેથીક મેડિકલ કોલેજ અને હોસ્પિટલ દ્વારા તારીખ ૨૮મી જાન્યુઆરીના રોજ લીબોદરા ગામે સાર્વજનિક રોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેનો લગભગ ૧૬૦ જેવા દર્દીઓએ લાભ લીધો હતો. કેમ્પ દરમિયાન રૂમેટોઈડ, આર્થરાઈટિસ, થાઈરોઈડ, ડાયબિટીસ, બ્લડપ્રેસર જેવા રોગોનું નિદાન કરી દર્દીઓને નિઃશુલ્ક દવાઓ પણ આપવામાં આવી હતી તથા કોરોનાથી કઈ રીતે બચવુ તે અંગે માહિતી પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે લીબોદરા ગામના સરપંચ અર્પિતાકુમારી વાઘેલા, ડે.સરપંચ હર્ષવર્ધન વાઘેલા સહિત નિકુલસિંહ વાઘેલા, જયદિપસિંહ વાઘેલા, રાજદીપ વાઘેલા, વારસોડાવાળા હરેન્દ્રસિંહ ચાવડા તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કેમ્પનું આયોજન સંસ્થાના ચેરમેન પ્રવીણભાઈ ગોહિલ, મેનેજીંગ ડાયરેકટર વિશાલભાઈ જાદવ તથા આચાર્ય પ્રો.ડો. મનોજકુમાર બેહેરાના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું. હોસ્પિટલના આર.એમ.ઓ. ડો.મેઘા મહાવીર નિમાવત, મેડિકલ ઓફિસર ડો.સઈદ વગદીયા તથા નર્સ આરતી રાવળ અને વિપુલભાઈ પરમાર તથા કોલેજના વિદ્યાર્થીઓએ સેવા પુરી પાડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મુબારકપુર ખાતે સ્થિત ગાંધીનગર હોમીયોપેથિક મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે તમામ રોગો માટે નિઃશુલ્ક સારવાર તથા દવાઓ પુરી પાડવામાં આવે છે.

સરકારી વિજ્ઞાન કોલેજમાં ઉદીશા પ્રકલ્પ વ્યાખ્યાન સીરીઝ યોજાઈ



ગાંધીનગર, તા.૩૧

સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા વિદ્યાર્થી ઓ ને સફળ કારકીર્દી ઘડતર માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી ઉદીશા પ્રકલ્પ અંતર્ગત વ્યાખ્યાન સીરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ માટે રુચિઓ, ક્ષમતાઓ, મૂલ્યો, વ્યક્તિત્વ, પૃષ્ઠભૂમિ અને સંજોગો સહિતના પરિબળો કઈ રીતે કારકિર્દીના વિકાસને પ્રભાવિત કરે તેના પર વિવિધ વિષય નિષ્ણાંતો એ પોતાના વિચારો રજૂ કર્યા હતા. સંસ્થાનાં આચાર્ય ડૉ. એમ . જી. ભટ્ટ એ પ્રસંગોચિત ઉદબોધન કરતા કુશળતા, રુચિઓ અને કારકિર્દીના લક્ષ્યો સાથે સચોટ રીતે સંતુલન કઈ રીતે કેળવી શકાય તે વિશે વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. વિવિધ તજજ્ઞો માં ડૉ. હાર્દિક જોશી (આણંદ) એ કારકિર્દીનાં ઘડતર માટે 'પોઝીટીવ એટીટ્યુડ' કેટલું મહત્વ ધરાવે છે તેની છણાવટ કરી હતી. ડૉ. મેહુલ દવે (IITE, ગાંધીનગર) એ "નોન વર્બલ કોમ્યુનીકેશન" નાં માધ્યમથી પ્રોફશનલ લાઇફમાં કઈ રીતે પ્રભાવ ઉભો કરી શકાય તથા આજ કાલ દરેક ને પજવતો પ્રશ્ન એટલે કે "Stress management" પર ખુબ જ અસરકારક ઉદાહરણોના માધ્યમથી વિસ્તૃત ચર્ચા કરી હતી. સલીમભાઇ સોમાણી (આકાશવાણી, રાજકોટ) એ રીડીંગ સ્કિલ્સનાં વિવિધ આયામોનો ઉપયોગ કરવાની પધ્ધિઓ અને પ્રો. દિલિપ વસાવા (ગુજરાત યુનિ., અમદાવાદ) એ "ઇન્ટર્વ્યુ સ્કીલ્સ"નાં તમામ પાસા વિસ્તૃતમાં સમજાવી તેનો અમલ કરવા જણાવ્યું હતું. ડૉ. જાગૃતિ ભેડા (એલ.ઇ. કોલેજ, મોરબી) એ વિદ્યાર્થીઓને નોકરી મેળવવામાં અસરકારક RESUME કેમ બનાવી શકાય તે અંગે ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું સંસ્થાનાં આચાર્ય ડૉ. એમ . જી. ભટ્ટ ના માર્ગદર્શન હેઠળ ઉદીશા સમિતિનાં ચેરમેન ડો. જિજ્ઞાસા હુંમર અને કમીટી સભ્યો પ્રોફ.વિવેક દવે, ડો.દીપેન ગાંધી, ડો. રીટા ચુડાસમા, ડો. પૂજા શર્મા અને ડૉ. મયુરી બારોટે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કોલેજનાં અધ્યાપકો સહિત તથા વિદ્યાર્થીઓએ વ્યાખ્યાન સીરીઝમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પાણીની પાઈપલાઈનના ખોદકામથી ગટરના મેઈનહોલને નુકસાન અંગે પગલાં ભરવા માંગ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર મહાનગરમાં અત્યારે નાખવામાં આવી રહેલી પાણીની નવી પાઇપ લાઈન નાંખવામાં આવી રહી છે જેના ખોદકામ દરમ્યાન વોર્ડ નં.૬માં સમાવિષ્ટ સેક્ટર-૧૪માં ગટરના મેઈનહોલને નુકસાન થયું હતું. આ અંગે ગત તા.૧૩મી જાન્યુઆરીએ મ્યુનિસિપલ કમિશનરને સ્થાનિક કોર્પોરેટર તુષાર પરીખ દ્વારા રજુઆત કરાઈ હતી તેવું આજે લેખિતમાં જણાવતા તેમણે હજુ સુધી આ સમસ્યા ઉકેલાઈ નથી તેથી જવાબદાર સબંધિત એજન્સી ઉપર પગલાં લેવા માટે ભલામણ કરી છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. સુખડીયા રમણભાઈ કેશવલાલ, ઉ.વ. ૮૫, કલોલ
- સ્વ. મિસ્ત્રી માણેકલાલ વિઠ્ઠલદાસ, ઉ.વ. ૯૭, વાવોલ
- સ્વ. વાઘેલા જયેન્દ્રસિંહ દિલીપસિંહ, ઉ.વ. ૪૬, પેથાપુર
- સ્વ. શુકલ જયાબેન બળવંતરાય, ઉ.વ. ૮૦, સેકટર-૨૩
- સ્વ. ઠાકોર ઈશાબેન હુસાજી, ઉ.વ. ૬૮, ગોલથરા, કલોલ
- સ્વ. વાઘેલા ચંપાબેન ગોવિંદભાઈ, ઉ.વ. ૯૫, સે-૮, છાપરાં
- સ્વ. સોલંકી મણીબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૭૩, સેકટર-૪
- સ્વ. પ્રજાપતિ ગોદાવરીબેન મનજીભાઈ, ઉ.વ. ૮૭, સેકટર-૪
- સ્વ. દવે કંચનગીરી જોષ્ટારામ, ઉ.વ. ૯૦, સેકટર-૨૪
- સ્વ. સોલંકી શકરીબેન ઉદાજી, ઉ.વ. ૭૦, આલમપુર

● રૂદ્રભૂમિ ●

- સ્વ. રાઠોડ શાંતાબેન હીરાભાઈ, ઉ.વ. ૮૭, સેકટર-૫
- સ્વ. સુથાર પ્રભાબેન મગનભાઈ, ઉ.વ. ૯૦, સેકટર-૩
- સ્વ. દેસાઈ (રબારી) મેનાબેન કરશનભાઈ, ઉ.વ. ૧૦૮, સરગાસણ

જલ્પા જોશીને ફોક્સક્લુઝ ઈન્ડિયા ટોપ ૧૦૦ વુમન આઈકન એવોર્ડ

ગાંધીનગર, તા.૩૧

જલ્પા નરેન્દ્રકુમાર જોશીને ફોક્સક્લુઝ ઈન્ડિયા પ્રાઈમ તરફથી એઆરટી ફિલ્મ મેકર અને કુચીપુડી ડાન્સરના અનોખા સંયોજન માટે ઈન્ડિયા પ્રાઈમ વુમન આઈકોન એવોર્ડ - ૨૦૨૧ મળ્યો. ફોક્સક્લુઝ ઈન્ડિયા પ્રાઈમ એ એક સંશોધન જૂથ છે, જે ફોક્સક્લુઝ દ્વારા શરૂ અને આયોજિત છે, વિવિધ ક્ષેત્રોમાં ભારતીય ચિહ્નો માટે સંશોધન અને માન્યતા દ્વારા એક પ્લેટફોર્મ શરૂ કર્યું છે. ઈન્ડિયા પ્રાઈમ આઈકોન એવોર્ડ્સ તેમની શ્રેષ્ઠતા માટે ઉદ્યોગપતિઓ, ઉદ્યોગસાહસિકો, લેખકો, શિક્ષણવિદો, રમતગમત, કલા અને વિજ્ઞાન પાસેથી નામાંકન આમંત્રિત કરે છે.

આ ચોક્કસ ગુણવત્તાના પરિમાણો પર આધારિત તમામ માહિતી પ્રાપ્ત કર્યા પછી, **INDIA Prime 100 Women Icon Award** તમામ વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ ૧૦૦ નોમિનેટ કરે છેઆ ઉપરાંત જલ્પા જોશીને અન્ય પુરસ્કાર પણ પ્રાપ્ત થયા હતા. જેમાં સૌથી પ્રતિભાશાળી વ્યાવસાયિક કુચીપુડી ડાન્સર માટે ઈન્ડિયા ફેમ એવોર્ડ - ૨૦૨૧અને ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડ્સ, વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા, બ્રહ્મ ગૌરવ એવોર્ડ - ૨૦૨૦ પણ મેળવ્યો હતો.

જે.એમ. ચૌધરીમાં ગાંધી નિર્વાણ દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૩૧

જે એમ ચૌધરી શાળામાં ગાંધીજીની યાદ સ્વરૂપે તેમની સત્યનાપ્રયોગોમાંથી પ્રેરણાત્મક પ્રસંગોની સરવાણી શાળાના શિક્ષક કોકિલાબેન ગોહિલે આપી હતી. શાળાના આચાર્યા બેન રમીલાબેન ચૌધરીએ પણ ગાંધીજી વિશે ઉદબોધન કર્યું.

શિક્ષણનગરની ઓળખ આપનાર માણેકલાલ એમ. પટેલ 'સાહેબ'ના જન્મદિવસે પાવન સ્મરણ

ગાંધીનગર, તા.૩૧

આપણા દેશ દ્વારા આઝાદીના ૭૫મા અમૃતપર્વ વર્ષમાં ૧૫ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ પ્રવેશ કર્યો છે આ મહોત્સવની ઉજવણી ભારત સરકાર દ્વારા એક જનઉત્સવ તરીકે 'આઝાદી કા અમૃત મહોત્સવ' નામ હેઠળ ખાસ અભિયાન હાથ ધરીને આઝાદી માટે ખેડેલ સંઘર્ષો, વીર શહીદોની રાષ્ટ્રભક્તિ વગેરે બહુવિધ આનુષંગિક પ્રવૃત્તિઓની અને ગત ૭૪ વર્ષમાં રાષ્ટ્રે હાંસલ કરેલ ઉપલબ્ધિઓની ખાસ કરીને યુવાપેઢીને માહિતગાર કરાવવાના હેતુસર અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન સમગ્ર રાષ્ટ્રમાં કરવામાં આવી રહ્યું છે.

રાષ્ટ્રના આ સ્વાતંત્ર્ય સંગ્રામમાં આબાલવૃદ્ધ સૌ નાગરિકો અને બહુવિધ સંસ્થાઓની સક્રિય ભાગીદારી રહી છે. અમૃત મહોત્સવ દરમ્યાન વણખેડાયેલા કેટલાય પ્રસંગો સામે આવ્યા છે. આપણે સરહદ કે દેશ માટે જીવ આપનાર લડવૈયાને શહીદ કહીએ છીએ. પરંતુ આ સાથે સમાજના ઘડતરમાં સિંચન કરનાર મહાનુભાવોને કર્મયોગી કે ઋષિ તરીકે ગણીને તેમનું સન્માન કરવું ઘટે.

ઈ.સ.૧૯૧૯માં શિક્ષણ થકી સમાજમાં જાગૃતિ લાવવા અને 'કર ભલા હોગા ભલા' સૂત્ર દ્વારા શિક્ષણના ભેખધારી છગનભાના હસ્તે કડી મુકામે સર્વ વિદ્યાલયનો પાયો નંખાયો. આ સંસ્થાના સંચાલક મંડળથી લઈને શિક્ષકો, વિદ્યાર્થીઓએ પણ આઝાદી સંગ્રામમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ગાંધીજીથી લઈને સયાજીરાવ ગાયકવાડ અને દેશના વિશિષ્ટ વ્યક્તિઓ સર્વ વિદ્યાલયની મુલાકાત લઈ ચૂકયાં છે. આ સંસ્થાના પાયાના કર્મઠ અને પ્રેરણાદાયી મંડળના સભ્યો, દાતાઓ, આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સમયાંતરે સર્વ વિદ્યાલયનો પાયો મજબૂત કરવામાં મહત્ત્વનું યોગદાન આપીને શિક્ષણક્ષેત્રે જવલંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. કડી ગામથી શરૂ થયેલી આ સંસ્થા આજે ગાંધીનગર આવી શિક્ષણક્ષેત્રે વિશ્વવિદ્યાલય સુધી એક મોટું વટવૃક્ષ બની પોતાની ખ્યાતિ વિસ્તારી રહી છે.

ગાંધીનગર એટલે રાજકીય રંગે રંગાયેલું નગર. આ નગરને એક શૈક્ષણિકનગરી તરીકે ઓળખ આપનાર સર્વ વિદ્યાલયના સ્વ. ચેરમેનશ્રી માણેકલાલ એમ. પટેલ(સાહેબ)નો આજે જન્મ દિવસ છે. તેમણે જીવનપર્યંત

સંસ્થાના સૂત્ર 'કર ભલા હોગા ભલા' અને "શિક્ષણ એજ સાચી સેવા" ને પોતાનો જીવનમંત્ર બનાવ્યો અને સાર્થક કર્યો છે. સંસ્થાના આવા કર્મયોગીની સ્મૃતિમાં તેમની પુણ્યતિથિએ તા. ૧૨ જાન્યુઆરીના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા માણેકલાલ મેમોરિયલ સ્કોલરશીપ સ્વરૂપે જરૂરતમંદ વિદ્યાર્થીઓને આશરે રૂપિયા ૧.૫ કરોડ જેટલી રકમ એનાયત કરવામાં આવે છે અને તા. ૧ ફેબ્રુઆરીના રોજ તેમની જન્મ જયંતિ નિમિત્તે સર્વવિદ્યાલય પરિવાર દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરી તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવે છે.

ગુજરાત સરકારે પણ માણેકલાલની સેવાઓને ધ્યાને લઈને વિવિધ સમિતિઓના સભ્યપદે તેમની નિમણૂંક કરી હતી. ફી રેગ્યુલેટરિ કમિટિના સભ્ય હોવા છતાં પોતાની સંસ્થાની ફી ન્યાયિક રીતે જ સૂચવતાં. સમાન અભ્યાસક્રમો અને સગવડો ધરાવતી બીજી સંસ્થાઓ ઘણી મોટી ફી સૂચવે તો પણ પોતાની સંસ્થા માટે સમાજના નિચલા વર્ગને ધ્યાને લઈને ઓછી ફી જ સૂચવતા. નોંધનીય બાબત છે કે, માણેકદાદાની પ્રેરણાથી સંસ્થાએ સરકાર દ્વારા નિયત કરેલ મેનેજમેન્ટ કવોટાની બેઠકોનો પણ સ્વીકાર કર્યો નથી.

માણેકલાલ સાહેબની સંસ્થા ભક્તિનું તાદૃશ ઉદાહરણ એ કે પોતાની અંતિમયાત્રાના અંતિમ દિવસે પણ યુનિવર્સિટી અને અન્ય સંસ્થાઓનું કામ બપોરના ચાર વાગ્યા સુધી આટોપતા રહ્યા હતા ! અરે, સર્વ વિદ્યાલયના એક કર્મચારીના પુત્રનું આકસ્મિક અવસાન થતાં તેના નિયત બેસણાંના એક દિવસ પૂર્વે એટલે કે તા. ૧૨ જાન્યુઆરીએ તેમના નિવાસ સ્થાને દિલાસો આપવા માણેકલાલ સાહેબ પહોંચી ગયા હતા. મહાકવિના ભવભૂતિના શબ્દોમાં 'લોકોત્તરાણાં ચેતાંસિ કો હિ વિજ્ઞાતુમર્હતિ ।' અર્થાત્ મહાપુરુષોના અગાધ મનનો તાગ મેળવવા કોણ સમર્થ છે? સ્વ. માણેકલાલ સાહેબ પણ એક મૂઠી ઉંચેરું વ્યક્તિત્વ ધરાવનાર ગીતાને અભિપ્રેત એવા કર્મયોગી હતા.

૯૩મી જન્મ જયંતિ નિમિત્તે તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ(કડી) ગાંધીનગર ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.